પરદેશ પાર્સલસેવા
www.chipsairexp.com
CHIPS Express
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૨૭ | ૧૬ જુલાઈ, ૨૦૧૮, સોમવાર; અષાઢ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### નીતી આયોગ કૂકિંગ સબસિડી લાવશે

સરકારી થિંક ટેંક નીતિ આયોગ LPG સબસિડીને 'કૂકિંગ સબસિડી'માં બદલવાનાં પ્રસ્તાવ પર વિચાર કરી રહ્યું છે, જેથી આનો ફાયદો પાઈપ્ડ નેચરલ ગેસ અને જૈવિક ઈંધણનો ઉપયોગ કરીને જમવાનું બનાવનાર લોકોને પણ મળે.

### તુર્કીમાં કટોકટી ૧૮મીએ હટાવાશે

તુર્કીના પ્રેસિડેન્ટના પ્રવક્તા ઈબ્રાહિમ કલિને જણાવ્યું કે, તુર્કીમાં બે વર્ષથી લગાવવામાં આવેલી રાજકીય કટોકટી આગામી ૧૮ જુલાઈએ દુર કરવામાં આવી શકે છે. સ્થાનિક મીડિયાના જણાવ્યા મુજબ નવા પ્રધાન મંડળની પ્રથમ બેઠક બાદ પ્રેસિડેન્ટના પ્રવક્તાએ જણાવ્યું કે, 'વર્તમાન સંજોગો જોતાં એવું લાગી રહ્યું છે કે, દેશમાં લાગુ કરવામાં આવેલી કટોકટી ૧૮ જુલાઈએ દુર કરવામાં આવી શકે છે'.

### ચીને દુનિયાનું ખતરનાક શિપ ઉતાર્યુ

તાજેતરમાં ચીનની નૌકાદળમાં વિશ્વની સૌથી ઝડપી અને વિશાળ મિસાઈલ ડિસ્ટ્રોયર જોડવામાં આવી છે, જે એશિયાના સૌથી વધુ જટિલ અને ઘાતક જહાજ હોવાનું માનવામાં આવે છે. ચિની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) પાંખના નેવી ૦૫૫ પ્રકારના માર્ગદર્શિત-મિસાઈલ ડિસ્ટ્રોયર બે ૧૩,૦૦૦ ટન લોન્ચ કરી હતી. આ વહાણની જટિલ ડિઝાઈન, ડિટેક્ટીવ ફિચર્સ, રડાર અને મોટી મિસાઈલની સ્થાપના કરવામાં આવી છે.

# ખેડૂતોના નામે વિપક્ષ રાજનીતિ કરે છે : મોદી

**લોકસભા ચૂંટણી પહેલા મોદી મિરઝાપુરમાં ચૂંટણી મોડમાં દેખાયા : ખેડૂતો માટે બનાવટી આંસુ દેખાડનાર ઘણા રાજકીય પક્ષોએ ખેડૂતોના હિતમાં ક્યારેય પગલા લીધા નથી : એમએસપીની કિંમત દોઢ ગણી અમે કરી બતાવી**



મિરઝાપુર, તા. ૧૫

લોકસભાની ચૂંટણી પહેલા પૂર્વાંચલના પ્રવાસ ઉપર પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આક્રમક અંદાજમાં વિરોધ પક્ષો ઉપર પ્રહાર કર્યા હતા. મોદી સંપૂર્ણપણે ચૂંટણી મોડમાં નજરે પડ્યા હતા. ઉત્તરપ્રદેશમાં ખેડૂત વસ્તી ધરાવતા મિરઝાપુર જિલ્લામાં એક જનસભાને સંબોધતા વડાપ્રધાને કોંગ્રેસના નામનો ઉલ્લેખ કર્યા વગર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કેટલાક લોકો ખેડૂતોના નામ ઉપર બનાવટી આંસુ દેખાડે છે પરંતુ ખેડૂતોના હિતમાં હજુ સુધી કોઈપણ પગલા લીધા નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, છેલ્લા ૪૦ વર્ષથી બાણસાગર સિંચાઈ યોજના અટવાયેલી હતી પંરતુ અગહાઉની સરકારોએ તેને પૂર્ણ કરવા માટે કોઈ પ્રયાસ કર્યા ન હતા. ખેડૂતોને તેમના ઉત્પાદનના યોગ્ય મૂલ્યો પણ આપવામાં આવ્યા નથી. આના માટે પણ તેમની સરકારે જ આવીનો કામ કર્યુ છે અને એમએસપીને દોઢ ગણી કરીને ખેડૂતોને રાહત આપી છે. ભોજપુરીમાં પોતાના ભાષણની શરૂઆત કરતા મોદીએ કહ્યું હતું કે, આ સમગ્ર ક્ષેત્ર દિવ્ય અને અલૌકિક છે. વિંધ્ય પર્વત અને ભાગીરથી વચ્ચે આ ક્ષેત્ર સદિયોથી

● અનુસંધાન પાન-૭ પર

## નીલકંઠની જેમ ઝેર પી રહ્યો છું : કુમારસ્વામી

**પોતાના સન્માનમાં આયોજીત કાર્યક્રમમાં કુમારસ્વામી રડી પડ્યા : કુમારસ્વામીની પિડા ફરી એકવાર સપાટી ઉપર : વર્તમાન સ્થિતિને લઇને ખુશ નથી : ટેક્સ લાગૂ કરવાના તેમના નિર્ણયની ટિકા થઇ રહી છે જે અયોગ્ય છે : સ્વામી**



બેંગ્લોર, તા. ૧૫

કર્ણાટકમાં ગઠબંધન સરકાર ચલાવવાની બાબત મુખ્યમંત્રી કુમારસ્વામી માટે હવે પડકારરુપ બાબત બની ગઈ છે. તેમની મુશ્કેલીઓ દિનપ્રતિદિન વધી રહી છે. કુમારસ્વામીએ પણ આ અંગેના સંકેત આપી દીધા છે. કુમારસ્વામી પોતે જ આ અંગેની વાત પણ કબુલી ચુક્યા છે. કુમારસ્વામીએ હાલમાં જ એક કાર્યક્રમમાં કહ્યું છે કે, તેમની પાર્ટીના લોકો આ બાબતને લઈને ખુશ છે કે, તેમના ભાઈ મુખ્યમંત્રી બની ગયા છે પરંતુ તેઓ વર્તમાન સ્થિતિથી ખુશ નથી. જેડીએસ તરફથી તેમના મુખ્યમંત્રી બનવાની ખુશીમાં આયોજિત કરવામાં આવેલા એક કાર્યક્રમમાં કુમારસ્વામીએ સન્માન માટે કોઈ ભેંટ પણ સ્વીકારી ન હતી. કુમારસ્વામીએ કહ્યું હતું કે, તેઓ કોઈને પણ બતાવ્યા વિના પોતાની પિડાને સહન કરી રહ્યા છે જે ઝેરથી કમ

● અનુસંધાન પાન-૭ પર

# એસી ટ્રેનમાં મુસાફરી મોંઘી બનશે

**એસી કોચમાં અપાતા બેડરોલ કિટ્સ ચાર્જ વધશે : દુરન્ટો અને ગરીબરથ એક્સપ્રેસમાં પણ ચાર્જ લાગૂ કરાશે**

નવીદિલ્હી, તા. ૧૫

ટ્રેનના એસી કોચમાં મુસાફરી કરવાની બાબત વધારે મોંઘી બની શકે છે. રેલવે દ્વારા એસી ટ્રેન અને કોચમાં આપવામાં આવતા બેડરોલ કિટના ચાર્જમાં વધારો કરવાની તૈયારી કરી લીધી છે. એટલું જ નહીં હાલમાં આ ચાર્જમાં છુટ ધરાવતી દુરન્ટો અને ગરીબરથ એક્સપ્રેસમાં પણ યાત્રા કરવાની સ્થિતિમાં આ ચાર્જ લાગૂ થશે. આ ચાર્જમાં છેલ્લા ૧૨ વર્ષમાં કોઈપણ પ્રકારનો વધારો કરવામાં ન આવતા પ્રશ્નો ઉઠી રહ્યા હતા. આખરે ચાર્જમાં વધારો કરવામાં આવી રહ્યો છે. કેગ દ્વારા એવી ભલામણ કરવામાં આવી છે કે, આ ચાર્જને પણ ટ્રેનના ભાડાની સાથે જ જોડી દેવામાં આવે તે જરૂરી છે. હાલમાં રેલવે તમામ એસી કોચમાં બેડરોલ કિટ્સ સપ્લાય કરે છે અને તેમની ૨૫ રૂપિયા કિંમત ટિકિટમાં જોડી દેવામાં આવે છે. અલબત્ત ગરીબરથ એક્સપ્રેસ અને દુરન્ટો જેવી ટ્રેનોમાં આ ચાર્જ લાગૂ થતાં નથી. આ ટ્રેનોમાં યાત્રી કિટ્સનું બુકિંગ કોઈપણ પ્રકારના વધારાના ચાર્જ આપ્યા વગર થઈ શકે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, બેડરોલના ચાર્જમાં વધારો કરવામાં આવનાર છે.

કેગના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, છેલ્લા ૧૨ વર્ષના ગાળામાં તેના ચાર્જમાં કોઈ સમીક્ષા પ્રક્રિયા હાથ ધરવામાં આવી નથી. હજુ સુધી તેની સાફ સફાઈ અને મેઈન્ટેનન્સનો ખર્ચ અનેકગણો વધી ચુક્યો છે. આ સંદર્ભમાં નોંધ મળી છે અને ચાર્જમાં સમીક્ષા કરવાની માંગ ઉઠી રહી છે. હંમેશા કિંમત એક જેવી રાખી શકાય નહીં. ગરીબરથ જેવી ટ્રેનોમાં પણ બેડરોલના ચાર્જની સમીક્ષા કરવામાં આવશે. આવનાર છ મહિનામાં તેના ચાર્જ પણ ટિકિટ સાથે જોડવામાં આવશે.

## વડાપ્રધાને વિશ્વનાથ મંદિરમાં એક કલાક પૂજા-અર્ચના કરી

વારાણસી,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના યૂપીના પ્રવાસ પર છે. આ પ્રવાસના પહેલા દિવસે શનિવારે પીએમ મોદી પહેલા આજમગઢ ગયા અને ત્યારબાદ પોતાના સંસદીય વિસ્તાર વારાણસી પહોંચ્યા હતા. રાત્રે તે અચાનક ગેસ્ટ હાઉસથી બહાર નીકળીને હિન્દૂ યૂનિવર્સિટી કેમ્પસ ફરવા નીકળી પડ્યા હતા. પીએમ મોદીએ યૂનિવર્સિટી પરિસરમાં વિશ્વનાથ મંદિરમાં પુજા-અર્ચના કરી હતી. પીએમ મોદીની સાથે ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથ પણ હાજર રહ્યા હતા.

જો કે, પીએમ મોદી અહીંના ડીરેકા ગેસ્ટ હાઉસમાં રોકાયા હતા. રાત થઈ ગઈ હોવાના કારણે તે ગેસ્ટ હાઉસમાંથી પોતાની ગાડીમાં બહાર નીકળ્યા અને બીએચયૂ કેમ્પસ પહોંચ્યા હતા. પીએમ મોદીએ વારાણસી શહેરમાં થયેલા વિકાસ અને સૌંદરીકરણના કાર્યોને નિહાળ્યા પણ હતા.

પીએમ મોદી વારણસીના ડીરેકાથી બહાર નીકળીને સુંદરપુર, નારિયા થઈને બીએચયૂની અંદર બનેલા વિશ્વનાથ મંદિર પહોંચ્યા હતા. મંદિરમાં દર્શન કર્યા બાદ વડાપ્રધાન મોદી પોતાના કાફલાની સાથે લંકા, ગુરૂધામ, રવિન્દ્રપુરી, ભેલૂપુર, મદનપૂરા, ગોદૈલિયા, ચોક, મેદાગિન, લહુરાવીર, અંધરાપુલ, અંબેડકર ચૌરાહા, સર્કિટ હાઉસ, નદેસર, કેંટ રેલ્વે સ્ટેશન, લહરતારા થઈને પાછા રાત્રિ વિશ્રામ માટે ડીરેકા ગેસ્ટ હાઉસ પાછા ફર્યા હતા. પીએમ મોદી રાત્રે લગભગ ૧ કલાક સુધી ફરતા રહ્યા હતા.



રોપણી - મેઘરાજા મહેરબાન બનતા સૌરાષ્ટ્ર અને મધ્ય-દક્ષિણ ગુજરાતમાં વાવણીનું કામ પૂરજોશમાં આરંભાયું છે... ખાસ કરીને ભારે વરસાદવાળા વિસ્તારોમાં પાણી ભરાતા ખેતરોમાં ડાંગરની રોપણી ભારે ઉત્સાહપૂર્વક શરૂ થઈ છે... પ્રકૃતિના અભૂતપૂર્વ આશીર્વાદથી માનવજાત જઠરાગ્નિ ઠારી શકે છે... એની સાક્ષાત અનુભૂતિ કરાવતી તસવીરમાં પણ પ્રકૃતિના પાવન દર્શન થાય છે...

## ઈતિહાસમાં પ્રથમ વાર તિરુપતિ બાલાજી મંદિર છ દિવસ બંધ રહેશે

**૯ ઓગસ્ટની સાંજે ૬ વાગ્યાથી લઇને ૧૭ ઓગસ્ટની સવારે ૬ વાગ્યા સુધી મંદિર બંધ રહેશે**

અમરાવતી,તા.૧૫

ઈતિહાસમાં પહેલી વખત ભગવાન વેંકટેશ્વરના આ મંદિરને સતત ૬ દિવસ માટે બંધ કરવામાં આવી રહ્યું છે. ૯ ઓગસ્ટની સાંજે ૬ વાગ્યાથી લઈને ૧૭ ઓગસ્ટની સવાર સુધી ૬ વાગ્યા સુધી આ પ્રસિદ્ધ મંદિર બંધ રહેશે. મંદિર પ્રશાસને આ નિર્ણય રવિવારે થયેલી એક વિશેષ બેઠકમાં લીધો છે. મંદિર પ્રશાસને આ નિર્ણયથી તીર્થયાત્રીઓને થોડી મુશ્કેલી પડી શકે છે. જણાવવામાં આવી રહ્યું છે કે આવો નિર્ણય મહાસંપ્રોક્ષમ અનુષ્ઠાન કરવા માટે લેવામાં આવ્યો છે જે દર ૧૨ વર્ષ પછી આવે છે. જાણકારો અનુસાર આ અનુષ્ઠાન દરમ્યાન માત્ર પુજારીઓને મંદિરમાં પ્રવેશ કરવાની અનુમતિ હશે જે મંદિરની સફાઈ, શુદ્ધિકરણ અને મરમ્મતનું કામ કરશે.

તમને જણાવી દઈએ કે, આ મંદિર પહેલી વખત આટલા લાંબા સમય (૬ દિવસ) માટે બંધ કરવામાં આવી રહ્યું છે. ગત અવસરોને યાદ કરવામાં આવે તો દર ૧૨ વર્ષ પર થનાર આ અનુષ્ઠાન દરમ્યાન મંદિર ખુલ્લું રહેતું હતું, પરંતુ થોડાક કલાકો માટે મંદિરમાં દર્શનાર્થિઓને પ્રવેશ વર્જિત કરી દેવામાં આવ્યો હતો. બતાવવામાં આવી રહ્યું છે કે, પહેલા એવું એટલા માટે થતું હતું કારણ કે તે દિવસોમાં મંદિરમાં હાલના પ્રકારે ભીડ ભેગી થતી નહોતી. એક અંદાજ પ્રમાણે હાલમાં એક દિવસમાં ભક્તોની સંખ્યા સરેરાશ એક લાખથી વધારેની છે.

# હું મુખ્યમંત્રી છું અને રહેવાનો છું : રૂપાણી

**મુખ્યમંત્રીએ રાજકોટમાં રૂ.૪૦૩ લાખના ખર્ચે બનેલ બી ડીવીઝન અને કુવાડવા પોલીસ સ્ટેશનનું લોકાર્પણ કર્યુ**

રાજકોટ,તા.૧૫

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કોંગ્રેસ મુસ્લિમોની પાર્ટી છે તેવું નિવેદન કર્યુ હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણી બે દિવસ રાજકોટની મુલાકાતે છે ત્યારે તેણે રાહુલ ગાંધીના નિવેદન પર જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીના નિવેદનથી કોંગ્રેસ ખુલી પડી ગઈ છે. કોંગ્રેસ દેશમાં જાતિવાદ અને તૃષ્ટીકરણની રાજનીતિ કરી રહી છે.




વિજય રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસની આજ તકલીફ છે. જ્ઞાતિ, સંપ્રદાય અને ધર્મના નામ પર રાજનીતિ કરે છે. આ જ સંસ્કાર અને પદ્ધતિથી કોંગ્રેસ આગળ વધી રહી છે.

**કોંગ્રેસ જ્ઞાતિ, સંપ્રદાય અને ધર્મના નામ પર રાજનીતિ કરે છે. આ જ સંસ્કાર અને પદ્ધતિથી કોંગ્રેસ આગળ વધી રહી છે. કોંગ્રેસ કોમ-કોમ, જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે લડાવવા આ જ ધંધો કર્યો છે**

કોંગ્રેસ કોમ-કોમ, જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે લડાવવા આ જ ધંધો કર્યો છે. ભાજપ પાર્ટી ફર્સ્ટનેશનના મુદ્દા સાથે આગળ વધી રહી છે.

શહેરના પેડક રોડ ખાતે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા રૂ.૧૯૮ લાખના ખર્ચે બનેલ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન તથા રૂ.૨૫૦ લાખના ખર્ચે કુવાડવા રોડ પર બનેલ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ મુખ્યમંત્રીએ કર્યુ હતું. રૂપાણીએ સમગ્ર પોલીસ સ્ટેશનનું નિરીક્ષણ કર્યુ હતું. બી ડીવીઝન પોલીસ સ્ટેશન ૪૦૧૩.૪૯ ચોરસ મીટરમાં ફેલાયેલું છે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં પી.આઈ.રૂમ, વાયરલેશ રૂમ, લોકઅપ, પાસપોર્ટ રૂમ, વિશાળ પાર્કિંગ, કોમ્પ્યુટર રૂમ, ફર્સ્ટ ફ્લોરમાં ઈન્વેસ્ટીગેશન રૂમ, લાયબ્રેરી, રેકર્ડરૂમ, સેકન્ડ ફ્લોર પર બેરેક, કીચન સહિતની સુવિધાઓનો સમાવેશ થાય છે.

રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સી.એમ. પૌષધશાળા, ઓમાનવાળા ઉપાશ્રયનાં આંગણે સુશાંતમુનિ મહારાજ, નમ્રમુનિ મહારાજના સાંનિધ્યમાં આજે રવિવારે ૭૫ સંત-સતીજીઓએ સમૂહ ચાતુર્માસમાં મંગલ પ્રવેશ કર્યો છે. આ અંતર્ગત શહેરના માર્ગો પર શોભાયાત્રા નીકળી. સમૂહ ચાતુર્માસના મંગલ પ્રવેશ વેળાએ મુખ્યમંત્રી વિજય રૂપાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ જય વિજય મહાસતીજીની સ્મૃતિરૂપ સાધર્મિક હેલ્પ પ્રોજેક્ટનું લોન્ચિંગ કર્યુ હતું. આ પ્રસંગે સીએમએ જણાવ્યું હતું કે, હું મુખ્યમંત્રી છું અને રહેવાનો છું, મને કોઈ હટાવી શકે તેમ નથી. સીએમ એટલે કોમન મેન સાથે સરખામણી ગણાવી કટાક્ષમાં વાત કરી હતી. પીએમ સામે અનેક વખત કપરાં ચડાવ આવ્યા પરંતુ વિરોધીઓ વિરોધ કરતા હતા.

## છત્તીસગઢમાં નક્સલીઓ સાથેની અથડામણમાં બે જવાન શહિદ

છત્તીસગઢના કાંકેર જિલ્લામાં નક્સલીઓ સાથે થયેલી અથડામણમાં બીએસએફના ૨ જવાન શહીદ થઈ ગયા છે જ્યારે કે એક જવાન ઘાયલ થઈ ગયો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ નક્સલીઓએ તલાશી અભિયાન પર નીકળેલાં જવાનો પર ફાયરિંગ કર્યુ હતું અને ગોળી લાગવાથી બે જવાનોના મોત નિપજ્યાં હતા.

શહીદ જવાન મ્જીહ્લની ૧૭૫મી બટાલિયનના હતા. હુમલામાં ઘાયલ જવાનને રાયપુર લાવવા માટે MI-17 હેલીકોપ્ટરે ઉડાન ભરી હતી પરંતુ ખરાબ હવામાનને કારણે હેલીકોપ્ટરને અધવચ્ચેથી જ પરત ફરવું પડ્યું છે. ઘાયલ થયેલાં જવાનની હાલત ગંભીર બતાવવામાં આવી રહી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય